# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૦/૦૨/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૨૯૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮,૧૯૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ કન્ટેનર ટ્રક અને ૧ સ્કુટર કબજે કર્યું હતું.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૭૧/૨૦૨૫**

**વટવાઃ** મેહુલ સ/ઓ દલાભાઇ વાઘેલા (ઉ.વ.૨૪) (રહે. વણકરવાસ સરતાજનગર સામે ગણેશ મંદિર રોડ વટવા) તા.૧૯/૦૨/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે વટવા સરતાજનગર સામે ગણેશ મંદિર નજીકથી મિત્રના મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગાના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ મેહુલ વાઘેલાના મિત્રના ગળા પર છરી રાખી તેના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૪૫૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૬૦૦૦/- તેમજ મેહુલ વાઘેલાના બરમુડાના ખીસામાંથી રોકડ રૂપિયા ૨૧,૫૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૬,૦૦૦/- મતા કાઢી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મેહુલ વાઘેલાએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.પરમાર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૭૨/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ભાડજ સરદાર પટેલ રીંગ રોડ ૧૮ મીટર ટી.પી.રોડ ધ ઓગસ્ટ ખાતે નવી બનતી ધ સ્કાયલર સાયન્સ સીટી સર્કલ સાયન્સ પાર્ક સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા જીવા સ/ઓ કાન્તી હંગાત (ઉ.વ.૩૮) (મુળ વતન. ગામ.કરહલ માતા આમજુરા તા.બિચ્છીવાડા જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૯/૦૨/૨૦૨૫ રાતના ૧૧/૫૫ વાગ્યાના સુમારે સાઈટ ખાતે સાતમા માળે પ્લાસ્ટરનુ કામ ચાલુ હોય ભોયતળીયેથી ઉપરના માળે કંસ્ટ્રક્શનનો સર-સામાન લઈ જવા માટેની લોખંડની હંગામી લીફ્ટમાંથી સાતમા માળે સીમેન્ટની બેગ નીકાળવા જતા સાતમા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૭૩/૨૦૨૫**

**સેટેલાઈટઃ** કુશ હર્ષલ દોશી (ઉ.વ.૨૧) (રહે. મૌલિક ટેનામેન્ટ રાઠી હોસ્પિટલના ખાંચામાં સેટેલાઈટ) એ અગમ્ય કારણ તા.૧૯/૦૨/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઈટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાઘાભાઈ જુઠાભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી